# જેકેટથી આપો મોડર્ન આઉટફિટ્સને એથનિક ટિવસ્ટ





ટ્રેડિશનલ આઉટફિટ્સ હંમેશાંથી જ આપણી સંસ્કૃતિ અને સ્ટાઇલનો ભાગ રહ્યાં છે પરંતુ આજકાલ ફેશનમાં મોડર્ન ટિવસ્ટ પણ ટ્રેન્ડ બની ગયો છે. આ જ ટ્રેન્ડની સૌથી આસાન અને સ્ટાઇલિશ રીત છે જેકેટથી મોડર્ન ટચ એડ કરવો. તમે તમારા આઉટફિટ્સ સાથે કઇ રીતે એક્સપરિમેન્ટ કરી શકો? લોન્ગ કુરતી હોય, સૂટ હોય, લહેંગા હોય, ગાઉન હોય કે એથનિક સ્કર્ટ.. યોગ્ય જેકેટ પસંદ કરી તમે તમારા પારંપરિક લુકને તરત જ ઇન્ડોવેસ્ટર્ન સ્ટાઇલમાં બદલી શકો છો. જોઇએ એવા કેટલાક ટ્રેન્ડી જેકેટ્સ અને એના સ્ટાઈલિંગ આઇડિયાઝ જે તમારા ફેસ્ટિવ અને પાર્ટી લુકને સ્પેશ્યલ બનાવી શકે છે.

## જેકેટ વિથ ગાઉન

જો તમે ઇન્ડો વેસ્ટર્ન ગાઉન પહેરતાં હો તો એની ઉપર કેપ સ્ટાઇલ કે શર્ટ સ્ટાઇલ જેકેટ કેરી કરી શકો. નેટ, શિફોન કે જ્યોર્જેટનું લાઇટ જેકેટ તમારા લુકને એલિગન્ટ બનાવે છે.

## એમ્બ્રોઇડર્ડ જેકેટ વિથ પ્લેન સૂટ

સિંપલ સૂટને જો તમે કંઇક રોયલ ટચ આપવા ઇચ્છતાં હો તો ભારે એમ્બ્રોઇડરીવાળું જેકેટ પહેરો. કોન્ટ્રાસ્ટ કલર પસંદ કરી તમે આઉટફિટને વધારે નિખારી શકો.

## શ્રગ જેકેટ વિથ સાડી

તમને સાડી પહેરવાનું ગમતું હોય પરંતુ એને થોડો મોડર્ન ટચ આપવા ઇચ્છતાં હો તો એની સાથે શ્રગ જેકેટ ટ્રાય કરી શકાય. શિફોન કે જ્યોર્જેટ સાડી સાથે બેલ સ્લીવ્ઝ કે ફ્રન્ટ ઓપન શ્રગ જેકેટથી એલિગન્ટ લુક મેળવી શકાય. ઓફિસ પાર્ટી કે ફેસ્ટિવ ગેટ - ટુગેધર માટે આ લુક એકદમ પર્ફેક્ટ ઓપ્શન છે.

## ક્રોપ જેકેટ વિથ લહેંગા

લહેંગા સાથે મેચિંગ કે કોન્ટ્રાસ્ટ ક્રોપ જેકેટ બેહદ સ્ટાઇલિશ લાગે છે. તમે બ્લાઉઝને બદલે જેકેટ પહેરી શકો છો. અથવા ઓપન ફ્રન્ટ જેકેટથી એક સ્ટાઇલિશ લેયરિંગ લુક મેળવી શકો છો. આ લુક વેડિંગ, ફેસ્ટિવલ જેવા ફંક્શન માટે સારી પસંદ છે.

## મિરર વર્ક કે હેન્ડ ક્રાફ્ટેડ જેકેટ્સ

ગુજરાતી મિરર વર્ક, કચ્છ એમ્બ્રોઇડરી કે હેન્ડ બ્લોક પ્રિન્ટેડ જેકેટ સાથે બોહો એથનિક લુક ક્રીએટ કરી શકાય. એને તમે જીન્સ, ક્રોપ ટોપ કે સિમ્પલ સૂટ સાથે પહેરી શકો.





## લેસ કે નેટ જેકેટ વિથ મેક્સી ડ્રેસ

જો તમે લાઇટ લુક ઇચ્છતાં હો તો મેક્સી ડ્રેસ કે એથનિક ગાઉન ઉપર નેટ કે લેસ જેકેટ પહેરો. આ લુક પાર્ટી માટે પર્ફેક્ટ ઓપ્શન છે.

## ડેનિમ કે પેસ્ટલ જેકેટ વિથ એથનિક સ્કર્ટ

જો તમે કેઝ્યુઅલ ઇન્ડો વેસ્ટર્ન લુક ઇચ્છતાં હો તો ફ્લેયર્ડ સ્કર્ટ સાથે ડેનિમ જેકેટ કે લાઇટ પેસ્ટલ ટોનનું કોટન જેકેટ પહેરી શકો. આ લુક ટ્રેન્ડી હોવા સાથે કમ્ફર્ટેબલ પણ છે.

## પેપલમ જેકેટ વિથ પલાઝો

પેપલમ જેકેટ આજકાલ બહુ ટ્રેન્ડમાં છે. જો તમારી પાસે સિમ્પલ પલાઝો સેટ હોય તો એની ઉપર મેચિંગ કે કોન્ટ્રાસ્ટ પેપલમ જેકેટ પહેરો. આ લુક સ્લીમીંગ ઇફેક્ટ આપે છે અને સ્ટાઇલિશ અને ક્લાસી લુક પણ આપે છે.

## બેલ્ટેડ જેકેટ સ્ટાઇલ

જેકેટને એક સ્ટાઇલિશ બેલ્ટ સાથે ટ્રાય કરો. પછી એ એથનિક કો ઓર્ડ સેટ હોય, સૂટ હોય કે સ્કર્ટ હોય. બેલ્ટેડ જેકેટ તમારા ફિગરને ડિફાઇન કરે છે. અને લુકને વેસ્ટર્ન ટચ આપે છે.

## લોન્ગ જેકેટ વિથ કુરતી

જો તમે સાધારણ કુરતીમાં નવો લુક ઇચ્છતાં હો તો એની ઉપર સિલ્ક કે બ્રોકેડ ફેબ્રિકનું લોંગ જેકેટ ટ્રાય કરો. આ સ્ટાઇલ ફેસ્ટિવ કે લગ્નના ફંક્શન માટે પર્ફેક્ટ છે. જેકેટમાં મિરર વર્ક કે જરી એમ્બ્રોઇડરી તમારા આઉટફિટને રીચ લુક આપશે.

## અસિમેટ્રિકલ જેકેટ વિથ એથનિક ડ્રેસિસ

અસિમેટ્રિકલ કટ્સ એટલે કે આગળથી ટૂંકું અને પાછળથી લાંબું જેકેટ દરેક બોડી ટાઇપ પર ખૂબસૂરત લાગે છે. એને તમે એથનિક ડ્રેસિસ કે એ લાઇન કુરતી સાથે પેર કરી શકો.

## ટિપ્સ

» હેવી આઉટફિટ્સ સાથે લાઇટ જેકેટ અને સિમ્પલ આઉટફિટ સાથે વર્કવાળું જેકેટ બેલેન્સ રાખે છે.

» જેકેટની નીચેનુ આઉટફિટ સિમ્પલ રાખો જેથી જેકેટ ફોકસમાં રહે.

» ઝુમખા કે સ્ટેટમેન્ટ નેકપીસ જેવી એક્સેસરીઝથી લુક કમ્પલિટ કરો.

» ફૂટવેરમાં કોલ્હાપુરી કે બ્લેક હીલ્સ ટ્રેન્ડી અને કમ્ફર્ટેબલ વિકલ્પ છે.